

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

*પ્રભુજી તારા વ્હાલપની શય્યામાં સૂઈ જાઉં છું,*
*શ્રદ્ધા ને વિશ્વાસની રજાઈ ઓઢી સૂઈ જાઉં છું,*
*સૂઈ જાઉં છું તારી કૃપાના ઓશિકે ચિંતા વિના -*
*હે પ્રભુજી ! તારી ગોદની હૂંફમાં સૂઈ જાઉં છું.*

### હાઈકુ

*આપે છે સૌને*
*ભજન અને ભક્તિ*
*નિર્ભય નિંદ્રા*

*આપે સંકેત*
*આધ્યાત્મિક કૃપાનો*
*પ્રભુ આશિષ*

### ચિંતન

*બ્રહ્મચર્યેણ તપસા દેવા મૃત્યુમપાઘ્નત ।*
*ઈન્દ્રો હ બ્રહ્મચર્યેણ દેવેભ્યઃ સ્વરાભરત્ ॥*

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

જે રીતે સૂર્ય ભગવાન પોતાના પ્રકાશથી અંધકાર દૂર કરીને ઉત્તમ પદાર્થો પ્રગટ કરે છે, તે રીતે મનુષ્ય બ્રહ્મચર્ય દ્વારા રોગ, આળસ, ગરીબાઈ વગેરેનો નાશ કરીને મોક્ષનું સુખ મેળવે.

ભોગ વિલાસના કાદવ કીચડમાં ફસાયેલો માનવી કોઈ સંયમી બ્રહ્મચારીના દિવ્ય સુખની કલ્પના પણ કરી શકતોન નથી. સંયમ, સાદાઈ અને શ્રમશિલતાની પ્રાકૃતિક દિનચર્યાથી બળ વધે છે, શરીર સક્રિય રહે છે અને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરે છે. જે બ્રહ્મચર્યનું પાલન કરે છે તેના મનમાં અપરિગ્રહ, પરમાર્થ, સેવા, ત્યાગ, સહિષ્ણુતા, દયા, સહાનુભૂતિ, મૈત્રી, કરુણા, નમ્રતા, ધર્મ, શ્રદ્ધા, ઈશ્વર પરાયણતા વગેરેની ભાવના જાગૃત થાય છે.

બ્રહ્મચર્ય શારીરિક શક્તિ, માનસિક તેજ અને આત્મીક બળની વૃદ્ધિ કરે છે. માનવી નિર્ભય અને નિરોગી રહે છે. આળસ પ્રમાદ અને ગરીબાઈ તેની પાસે ફરકતાં નથી. તે હંમેશા પુરુષાર્થમાં જોડાયેલો રહે છે અને પોતાનું તથા સમાજનું હિત સાધે છે. આનાથી જ માનવજીવન સાર્થક બને છે. બ્રહ્મચર્યથી મનનું વાણીનું અને કર્મનું નિયંત્રણ શક્ય બને છે. બ્રહ્મચર્ય વિશ્વની સૌથી મહાન શક્તિમાનું એક છે.

### સુવિચાર

- બાપની મહેર કરતાં ઉસ્તાદનો જુલમ બહેતર - **શેખ સાદી**
- હાથી રાખનારાઓ સાથે દોસ્તી ન રાખવી અને જો રાખવી હોય તો હાથીને લાયક ઘર હોવું જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- મહત્ત્વાકાંક્ષા હંમેશા આકરી કસોટીથી ભરપૂર હોય તો એની મજા કંઈક ઔર જ છે - **બર્નાડ શો**
- ગુલાબને ઉગતા વાર લાગે છે, ઘાસ તો ઝડપથી ઉગે છે - **અમૃતબિંદુ**
- સમય એક ઘરડો ન્યાયાધીશ છે જે બધા જ અપરાધીઓની પરિક્ષા કરે છે - **ફાધર વાલેસ**
- ક્રોધ સમુદ્ર જેવો બહેરો અને અગ્નિ જેવો ઉતાવળિયો છે - **જનકલ્યાણ**
- આજ સુધી કોઈ ઘા ધૈર્ય વગર રૂઝાયો નથી - **સંત રોબિન**
- આજનું ઔષધ : સૂંઠ, સાજીખાર, હિંગ સરખે ભાગે લઈ નવશેકા પાણી સાથે ચપટી ભરી સવાર-સાંજ લેવનાથી સાંધાના દુઃખાવામાં રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ભગવાનનો સાચો ભક્ત રોજ મંદિરમાં જઈને એની એ જ પ્રાર્થના કરતો. રોજ એક જ વિનંતી હતી, દિવસો ગયા અને મહિનાઓ વીત્યા. પણ ભગવાનની પાસે ભક્તની પ્રાર્થનાનો કોઈ જવાબ આપતો ન હતો. એક દિવસ પ્રાર્થના પૂરી થઈ અને એક દેવદૂત એ ભક્તની પાસે પ્રગટ થયો અને બોલ્યો : 'ભાઈ, મને ભગવાને મોકલ્યો છે અને એમના તરફથી સંદેશો છે કે તેં કેટલી વિનંતી સ્વીકારવામાં આવી નથી એની તને જાણ કરું છું.' આટલું બોલી દેવદૂત અદૃશ્ય થઈ ગયો. આટલું સાંભળીને ભક્ત મંદિરમાં તરત ઊભો થઈ ગામના ચોકમાં આનંદની ચીચીયારી પાડવા લાગ્યો. અને બોલ્યો. 'આવો.... આવો.... અને મારી સાથે આનંદ કરો.' લોકોએ કહ્યું, 'અરે ભાઈ એવું તો શું છે કે તમે તારી સાથે આનંદ કરીએ?' ભક્તે કહ્યું, 'કારણ કે હું ઘણા વખતથી ભગવાનને પ્રાર્થના કરતો હતો કે મને એક વરદાન આપે?' લોકોએ પૂછ્યું, 'તો શું તને એ વરદાન મળ્યું' ભક્તે કહ્યું, 'ના જી ના, એથી ઊલ્ટું, આજે ખબર પડી કે ભગવાને મને એ વરદાન આપવાની ના પાડી છે.' લોકોએ પૂછ્યું, 'તો શું, ભગવાને તમારી પ્રાર્થના સ્વીકારી નથી એથી તમે આનંદ મનાવો છો ??' ભક્તે કહ્યું, 'મારી પ્રાર્થના સ્વીકારી નથી એ કબૂલ, પણ મારી પ્રાર્થના એની પાસે પહોંચી ગઈ એની રસીદ મને મળી ગઈ એ શું ઓછી ખુશાલીની વાત છે??'

# સૂરત સોનાની મૂરત

**તંત્રીસ્થાનેથી...**

આખા ગુજરાતનું રાજકીય એપી સેન્ટર હવે અમદાવાદથી ખસીને સુરતમાં સ્થિર થયું છે. સુરત અલબત્ત લાંબો રાજકીય ઈતિહાસ ધરાવે છે. એ પોતાને લૂંટનારાને પણ પોંખનારું ઉદારદિલ શહેર છે. દરિયો નજીક હોવાથી એનામાં એની વિશાળતા અને વ્યાપકતા તથા ઉદારતા વણાઈ - રસાઈ ગઈ છે અગાઉ પારસીઓ અને સુરતીઓના સાંસ્કૃતિક દબદબાવાળી આ આર્થિક દૃષ્ટિએ સમૃદ્ધ નગરીએ ગુજરાતને મહાન સાહિત્યકારો અને મહાન નેતાઓ આપ્યા છે. ચંદ્રવદન ચીમનલાલ મહેતા નડિયાદ કરતાં 'સાક્ષરનગરી'નું બિરુદ સુરતને મળવું જોઈએ એમ માનતા અને એની પાછળ સબળ તર્ક પણ હતો. નર્મદ, નંદશંકર, નવલરામ, જયોતિન્દ્ર દવે, ધનસુખલાલ મહેતા, ચં.ચી. મહેતા, જયંત પાઠક, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ભગવતીકુમાર શર્મા, નાનુભાઈ નાયક, રમણ પાઠક, રવીન્દ્ર પારેખ, દિલીપ મોદી, રઈશ મણિયાર, મુકુલ ચોકસી - કેટકેટલાં નામો યાદ આવી જાય ! નાટ્યક્ષેત્રે યઝદી કરંજિયા પણ કેમ ભુલાય ! એ જ સુરત હવે રાજકીય ક્ષેત્રે ગુજરાતનું 'પાટનગર' બની ગયું છે. અટલ બિહારી વાજપેયીને વર્ષો પૂર્વે સુરતે કરોડ રુપિયાની ભેટ ધરીને નવાજ્યા હતા અને મોરારજી દેસાઈ, અશોક મહેતા જેવા રાષ્ટ્રીય નેતાઓથી લઈ હિતેન્દ્ર દેસાઈ કે અમરસિંહ ચૌદરી જેવા લોકપ્રિય મુખ્યમંત્રીઓથી લઈ ઝીણાભાઈ દરજી અને વર્તમાન ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ જેવા સંગઠનના અઠંગ નેતઓ સુરત અથવા સુરત પ્રભાવિત દક્ષિણ ગુજરાતનાં ફરજંદ છે. કાશીરામ રાણાએ સુરતને કોંગ્રેસમાંથી ભાજપ તરફ વાળવામાં સૌથી મહત્ત્વનો ફાળો આપ્યો હતો. દેશના વસ્ત્રમંત્રી એમનું નોંધપાત્ર પ્રદાન છે સુરત હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગને કારણે દેશ અને દુનિયામાં સુપ્રસિદ્ધ છે. સૌરાષ્ટ્ર માટે તો સુરત એનું બીજું સરનામું જ બની ગયેલ છે. સાગર પેટા, રંગીલા, સુરતીલાલાઓને જાતે હાંસિયે ધકેલાઈ જઈ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના સાહસિક ધંધાદારીઓને જગ્યા કરી આપી છે. સુરતની મહાનગરપાલિકાની ચૂંટણીમાં સારો દેખાવ કરીને આમ આદમી પાર્ટીએ ગુજરાતના રાજકારણમાં પ્રવેશ કર્યો છે. આથી ભારતીય જનતા પાર્ટી સફાળી જાગી છે અને પોતાની 'હોમલેન્ડ' ને ભાજપના સકંજામાંથી સરકતી જોઈ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સાવધ બની ગયા છે. એમને નવા મંત્રીમંડળમાં સુરતને એની અપેક્ષા કરતાં વધારે પ્રતિનિધિત્વ અપાવ્યું છે. સુરતી નેતાઓએ પણ પ્રદેશ પ્રમુખની અપેક્ષાઓ પર ખરા ઊતરવા કમ્મર કસી છે. એમની જનવંદના યાત્રામાં ઊમટ્યા હતા એથી ઘણી વધારી સંખ્યામાં લોકો સી.આર. પાટીલની કાર્યકર્તા સભામાં ઊમટ્યા છે તે સૂચક છે સુરત જ ભાજપને ગુજરાતની ગાદીએ પુનઃ સ્થાપિત કરી શકે એમ એ એવી ખાતરી થતાં સી.આર. પાટીલે એમનું ધ્યાન 'હોમ ટર્ફ' પર કેન્દ્રિય કર્યું છે. સી.આર.પાટીલ ધાર્યા કરતાં વધુ સફળ થયા હોય એવા પહેલા પ્રદેશ પ્રમુખ છે. વિધાનસભાની પેટા ચૂંટણીઓ હોય કે પંચાયતો અને મહાનગરપાલિકાઓની - સી.આર.એમના લક્ષ્યાંકને આંબીને હાઈકમાંડની નજરમાં ગુજરાતના સૌથી મહત્ત્વપૂર્ણ નેતા સ્થાપિત થયા છે. સંગઠન સરકાર પર હાવી થયું હોય એવું પહેલીવાર જોવા મળે છે. એમને તો કાર્યકર્તાઓને પૂરેપૂરી ૧૮૨ બેઠકો જીતી લાવવા આહ્વાન કર્યું છે. ભલે એ આંકડો સિદ્ધ ન કરી શકે પણ એટલું ઊંચું નિશાન તાકવા બદલ પણ તેઓ અભિનંદનના હકદાર છે.

# આભાર દર્શન દિવસ



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા




૨૫ નવેમ્બર થૈંક્સ ગિવિંદ ડે છે. આભાર દર્શનનો દિવસ છે.

યુરોપિયન પ્રજા અમેરિકા ખંડમાં ઊતરી આવી. ત્યાંની સ્થાનિક પ્રજા મહદંશે રેડ ઈન્ડિયન હતા. નાના મોટા વિગ્રહો પછી તેઓએ આ વિદેશી પ્રજાને પોતાનામાં સમાવી લીધી. આ માટે વિદેશથી સ્થાયી થયેલી પ્રજાએ એમનો આભાર માનવાનું નક્કી કર્યું. ૨૫મી નવેમ્બર આ રીતે થેંક્સ ગિવિંદ ડે બની ગયો.

ત્યાર પછીથી આ વિભાવનાઓ વિસ્તાર થયો. કોઈ પણ વ્યક્તિ પોતાના સ્વજનને આ દિવસે ૨૫મી નવેમ્બરે આભાર પ્રદર્શન કરે.

આ વિભાવનાને ભારતના પરંપરા ગત પરિપ્રેક્ષ્યમાં મૂકી શકાય, તે આ રીતે.

તફાવત એટલો - મધર્સ ડે જેમ કે માત્ર એક દિવસ માટે ન હોય. સમગ્ર વર્ષ માટે માતૃસન્માન હોય. તેની જેમ થેંક્સ ગિવિંગ માત્ર એક દિવસ પૂરતું ન હોઈ શકે. વર્ષ પર્યન્ત જ હોય.

દરેક મનુષ્ય ઉપર ત્રણ પ્રકારના ઋણ છે : (૧) દેવઋણ (૨) પિતૃઋણ (૩) આચાર્યઋણ. આ ત્રણનો અર્થ એટલો - દેવો, પિતૃ- એટલે પિતા - માતા અને વડિલો તેમજ આચાર્ય. ત્રણેય પ્રત્યે સૌ કોઈએ કાયમને માટે હૃદયમાં આભારનો ભાવ રાખવાનો છે.

આભારવશતા બંને માટે :

(૧) ઈશ્વરને માટે - એમણે મનુષ્યનો જન્મ આપ્યો

(૨)આ પૃથ્વી ઉપર પરિપૂર્ણ અને સર્વાંગ સંપૂર્ણ પ્રાણી મનુષ્ય છે. સંસ્કૃતમાં ઉક્તિ છે : નહિ માનુષાત્ શ્રેષ્ઠતરં હિ કિંચિત. મનુષ્યથી વધુ શ્રેષ્ઠ પ્રાણી બીજું કોઈ છે જ નહિ.

(૨) ઈશ્વરની સમકક્ષ - માતાપિતા. મનુષ્ય જન્મ માટે ઈશ્વરે આ બંનેને નિમિત્ત બનાવ્યા છે.

આચાર્ય - મનુષ્ય તરીકે જન્મ થયા પછીના સંસ્કાર એ આપે છે. એટલે - માતૃદેવો ભવ. માતા દેવ છે એમ માનતો થા. પિતૃદેવો ભવ. પિતા દેવ છે, એમ માનતો થા. આચાર્ય દેવો ભવ. આચર્ય દેવ છે; એણ માનનારો થા. એમ પણ કહેવાય - ગુરુ અને ગોવિંદ સાથે ઊભા હોય, તો હું પહેલાં કોને પગે લાગું! ગુરુ. તમારી બલિહારી છે કે મને તમે ગોવિંદ બતાવ્યો.

ઈશ્વર અને ઈશ્વર પછી સમકક્ષતા જેમની હોય, એ સૌના પ્રત્યે કાયમનો આભારવશતાનો ભાવ. હૃદયમાં કાયમ આભારનો ભાવ.

સંસ્કૃતમાં બહુ જાણીતી સ્તુતિ છે : હે દેવોના દેવ, (૧) તમે જ માતા છો. (૨) તમે જ પિતા છો. (૩) તમે જ બંધુ છો (૪) તમે જ મિત્ર છો. (૫) તમે જ વિદ્યા છો. (૬) તમે જ સંપત્તિ છો. (૭) તમે સર્વ છો.

સૌ પ્રથમ આભાર માનવાનો પરમકૃપાળુ પરમેશ્વરનો અને ત્યાર પછી આભાર માનવાનો માતપિતાનો તેમ જ આચાર્યનો, કાયમની આભારવશતા હૃદયમાં રાખવાની.

ભારતીય પરિપ્રેક્ષ્યમાં આ 'થેંક્સગિવિંદ' છે.

# રવિન્દ્રનાથ ટાગોરને કયા વર્ષમાં સાહિત્યક્ષેત્રે નોબેલ પારિતોષિક મળ્યું હતું?



## ખજાનો

અનિલ પટેલ

### એવોર્ડ્ઝ

૧ ભારત રત્ન મેળવનાર પ્રથમ ભારતીય સ્ત્રી કોણ હતા?
(અ) આશાપૂર્ણા દેવી (બ) મધર ટેરેસા
(ક) ઈન્દિરા ગાંધી (ડ) સરોજિની નાયડુ

૨ ભારતની કઈ શાસ્ત્રીય સંગીતની સ્વરસામ્રાજ્ઞાને ભારતરત્ન પ્રાપ્ત થયેલ છે?
(અ) ઉષા મંગેશકર (બ) આશા ભોંસલે
(ક) કવિતા કૃષ્ણમૂર્તિ (ડ) એમ. એસ. સુબ્બાલક્ષ્મી

૩ આપણા દેશમાં અક્ષરજ્ઞાનના ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનારને કયો એવોર્ડ આપવામાં આવે છે?
(અ) ગાંધી સાક્ષરતા એવોર્ડ (બ) વિનોબા સાક્ષરતા એવોર્ડ
(ક) નહેરુ સાક્ષરતા એવોર્ડ (ડ) તિલક સાક્ષરતા એવોર્ડ

૪ દાદા સાહેબ સાક્ષરતા એવોર્ડ પ્રાપ્ત કરનાર પ્રથમ કોણ હતું?
(અ) લત્તા મંગેશકર (બ) દેવિકા રાણી
(ક) નરગીસ દત્ત (ડ) રાજકપૂર

૫ ગોવિંદ વલ્લભ પંત પુરસ્કાર કયા ક્ષેત્ર માટે આપવામાં આવે છે ?
(અ) સાહિત્ય (બ) સંગીત
(ક) ઉત્કૃષ્ટ સંસદ સભ્ય (ડ) ફિલ્મ

૬ બુકર પ્રાઈઝ કયા દેશ તરફથી આપવામાં આવે છે?
(અ) બ્રિટન (બ) અમેરિકા
(ક) રશિયા (ડ) રોમ

૭ આમર્ત્ય સેનને ભારત સરકારે કયા સર્વોચ્ચ એવોર્ડથી સન્માન્યા છે ?
(અ) પદ્મભૂષણ (બ) પદ્મશ્રી
(ક) ભારત રત્ન (ડ) ઈંદિરા ગાંધી શાંતિ એવોર્ડ

૮ મહિલા પત્રકારત્વ માટે કયો એવોર્ડ અપાય છે ?
(અ) હિન્દુજા (બ) બોરલોગ
(ક) પુલિત્ઝર (ડ) ચમેલીદેવી પુરસ્કાર

૯ નીચેના પૈકી કયા એવોર્ડને ભારતીય સાહિત્યનું નોબેલ પારિતોષિક કહે છે ?
(અ) ગુજરાત સાહિત્ય અકાદમી એવોર્ડ (બ) જ્ઞાનપીઠ એવોર્ડ
(ક) મૂર્તિદેવી સાહિત્ય એવોર્ડ (ડ) ગાલિબ એવોર્ડ

૧૦ મેગ્સેસે એવોર્ડ મહદઅંશે કયા ખંડના નાગરિક કે સંસ્થાને અપાય છે ?
(અ) એશિયા (બ) યુરોપ
(ક) અમેરિકા (ડ) ઓસ્ટ્રેલિયા

૧૧ રવિન્દ્રનાથ ટાગોરને કયા વર્ષમાં સાહિત્યક્ષેત્રે નોબેલ પારિતોષિક મળ્યું હતું ?
(અ) ઈ.સ. ૧૯૧૦ (બ) ઈ.સ. ૧૯૧૩
(ક) ઈ.સ. ૧૯૧૫ (ડ) ઈ.સ. ૧૯૧૭

૧૨ ૫૭માં રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડમાં સર્વશ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ કયા અભિનેતાને મળ્યો હતો ?
(અ) સલમાન ખાન (બ) શાહરુખ ખાન
(ક) અમિતાભ બચ્ચન (ડ) સૈફઅલી ખાન

૧૩ ભારત રત્ન એવોર્ડ પ્રથમ કોને અપાયો હતો ?
(અ) ડૉ. ઝાકીર હુસૈન (બ) ડૉ. રાધાકૃષ્ણન્
(ક) જવાહરલાલ નહેરુ (ડ) ગુલઝારીલાલ નંદા

૧૪ આંતરરાષ્ટ્રીય 'હેલ્મસ એવોર્ડ' મેળવનાર ભારતનો પ્રથમ ખેલાડી કોણ છે ?
(અ) વિજય અમૃતરાજ (બ) રામનાથન ક્રિશ્યિન
(ક) રાજેન્દ્ર અગ્રવાલ (ડ) સુરેન્દ્ર પાલ

૧૫ વસિષ્ઠ એવોર્ડ કયા ક્ષેત્ર સાથે સંબંધીત છે ?
(અ) સંગીત (બ) રમતજગત
(ક) ચિત્રકલા (ડ) સાહિત્ય

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨૬ નવેમ્બર : નેશનલ મિલ્ક ડે / રાષ્ટ્રીય કાયદા દિવસ
  - ગણેશ માવળંકરનો જન્મદિવસ (૧૮૮૮)
  - કેન્દ્રમાં મનમોહનસિંહ સરકારના રાજમાં મુંબઈમાં આતંકવાદી હુમલામાં ૨૦૦ના મોત થયા (૨૦૦૮)
  - અમેરિકન કાર્ટૂનિસ્ટ ચાર્લ્સ સ્કૂઝનો જન્મદિવસ (૧૯૨૨)
  - સ્પેનની મહારાણી ઈસાબેલા-૧નું અવસાન (૧૫૦૪)
- ૨૭ નવેમ્બર :
  - મહારાષ્ટ્રના આધ્ય સમાજસુધારક જયોતિરાવ ફુલેનું નિધન (૧૮૯૦)
  - ડાયનેમાઈટના શોધક આલ્ફ્રેડ નોબલના નામથી નોબેલ પારિતોષિક આપવાનું નક્કી થયું (૧૮૯૫)
  - બ્રિટીસ નવલકથાકાર પી.ડી. જેમ્સનું ઓક્સફર્ડ ખાતે અવસાન થયું (૨૦૧૪)
  - ઈઝરાયેલના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ ચેઈમ વેઈઝમાનનો જન્મદિવસ (૧૮૭૪)
- ૨૮ નવેમ્બર :
  - ગુજરાતી સાહિતયકાર કરશનદાસ માણેક (વૈશમપાયન)નો જન્મદિવસ (૧૯૦૯)
  - અમેરિકન બિઝનેશમેન અને મ્યુઝિશિયન બેરી ગાર્ડીનો જન્મદિવસ (૧૯૨૯)
  - મોરીટાનીયાને સ્વતંત્ર જાહેર કરવામાં આવ્યું ફ્રેન્ચ લોકોએ વિદાય લીધી (૧૯૬૦)
  - બ્રિટીશ હાઉસ ઓફ કોમન્સમાં સ્થાન મેળવનાર લેડી એસ્ટર પ્રથમ મહિલા બન્યા (૧૯૧૯)
- ૨૯ નવેમ્બર :
  - વિસ્ટન ચર્ચીલ બ્રિટનના બીજી વખત વડાપ્રધાન બન્યા (૧૯૫૧)
  - યુનાઈટેડ નેશન્સે પેલેસ્ટાઈનના બે ભાગ માટે ઠરાવ પસાર કર્યો (૧૯૪૭)
  - ફ્રાન્સના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ જેક્સ ચેરાકનો જન્મદિવસ (૧૯૩૨)
  - વિશ્વનું પ્રસિદ્ધ સિડની ઓપેરા હાઉસની ડિઝાઈન આપનાર આર્કીટેક જહોન ઉત્જોનનું ૯૦ વર્ષની વયે અવસાન થયું (૨૦૦૮)
- ૩૦ નવેમ્બર :
  - સાહિત્યકાર અને પ્રખર રાજકારણી ભારતના પૂર્વ નાણામંત્રી એચ.એમ. પટેલનું નિધન (૧૯૯૩)
  - બાર્બાડોઝ આઈલેન્ડ બ્રિટનની હકુમતથી સ્વતંત્ર થયો (૧૯૬૬)
  - અમેરિકન લેખક માર્ક ટવેઈનનો જન્મદિવસ(૧૮૩૫)
  - અમેરિકાના ૪૧મા રાષ્ટ્રપ્રમુખ જયોર્જ એચ ડબલ્યુ બુશનું ૯૪ વર્ષની વયે અન્વસાન થયું (૨૦૧૮)
- ૧ ડીસેમ્બર : વિશ્વ એઈડસ દિવસ
  - 'સવાઈ ગુજરાતી' કાકાસાહેબ કાલેલકરનો જન્મદિવસ (૧૮૮૫)
  - એન્ટાર્કટીક ટેરેટરીને સંશોધન માટે ૧૨ દેશોએ સુરક્ષિત જાહેર કર્યો (૧૯૫૯)
  - વેસ્ટર્ન યુરોપમાં શાંતિ માટે જર્મની, ફ્રાન્સ, બેલ્ઝીયમ, ગ્રેટ બ્રિટન અને ઈટલીએ પાકટ ઓફ લાકર્નો પર હસ્તાક્ષર કર્યા (૧૯૨૫)
  - રશિયન એમ્પિયર એલેકઝાન્ડર-૯નું અવસાન (૧૮૨૫)
- ૨ ડીસેમ્બર :
  - ભોપાલ ગેસ દુર્ઘટના દિવસ (૧૯૮૪)
  - માઈકલ જેકશનનો ગ્રાઉન્ડ બ્રેન્કીંગ મ્યુઝિક વીડિયો એમ.ટી.વી. પર પ્રસારિત થયો (૧૯૮૩)
  - અમેરિકન સિંગર બ્રિટની સ્પિયરનો જન્મદિવસ (૧૯૮૧)
  - યુનિવર્સિટી ઓફ શિકાગો ખાતે વિશ્વના પ્રથમ ન્યુક્લિયર ચેઈન - રીએકશનનું કંટ્રોલીંગ એનરીકો ફેમી નામના વૈજ્ઞાનિકના માર્ગદર્શન નીચે થયું (૧૯૪૨)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

નિષાદ પાર્ટીના સ્થાપકનું નામ શું છે?

જવાબ : સંજય નિષાદ (નિર્બલ ઈન્ડિયન શોષિત હમારા આમ દલ)

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) શિવાંગ બી પટેલ : સરગાસણ (૩) ગોવિંદ કે પટેલ : સે-૩ (૪) મીત પી પટેલ : સે-૨૩ (૫) ઋજિત રાવલ : સે-૭ડી (૬) હર્ષ એલ પંડ્યા : સે-૨૪ (૭) ધવલ બી સોજીંત્રા : સે-૪

**આ સપ્તાહનો સવાલ**

ઉર્જા સંરક્ષણ દિવસ કયારે ઉજવાય છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# શિયાળે (સોરઠ નહીં...) યુ.કે. ભલો?



## હળવે હૈયે

પ્રકાશ લાલા

એક રવિવારની ઢળતી બપોરે અમે અહીં એક સ્વજનને ત્યાં ગયેલા ચા-પાણી ને વાતો કરવા અને ખાસ તો અમારી જેમ ઈન્ડિયાથી આવેલા એમના પિતાશ્રીને મળવા પણ. એ દિવસ પવન સાથેની ભારે ઠંડી હતી એટલે અમે તો અંદરથી બહાર ને નીચેથી ઉપર સુધી, એકથી વધુ ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા હતા પણ આવા ઠંડાગાર વાતાવરણમાં ય એ સ્વજન કેવળ પેન્ટ-ટીશર્ટ ભેર હતા. અમે પૂછ્યું : 'પ્રવીણભાઈ, તમને યાર, ઠંડી નથી લાગતી ?'

પ્રવીણભાઈના પ્રત્યુત્તર પહેલાં, વારંવાર કહેવા છતાં ઠંડીમાં સરખું નહીં પહેરતા પતિદેવથી અકળાયેલાં એમનાં શ્રીમતીજી પ્રવીણાબેન બોલી ઊઠ્યાં : 'એને ઠંડી ના લાગે.... એ તો ટારઝનના દીકરાને છે ને !..' ને એ સાંભળી દૂર સોફામાં બેઠેલા, કોટ, શાલ, ટોપી, મોજામાં સજ્જ પ્રવીણભાઈના પપ્પાએ ટકોર કરી : 'અચ્છા! લે.... લે, પ્રવીણા વહુ, હું ટારઝન છું એની મને આજે ખબર પડી, હોં !!'

બિચારા પ્રવીણાબેન.... આદતવશ બોલતાં બોલાઈ ગયું પણ પોતાનાથી શ્વસુરની હાજરીમાં બફાઈ ગયાનો ખ્યાલ આવતાં એમને ભર ઠંડીમાં પરસેવો વળી ગયો...

જે 'કોલ્ડ વેધર' માં આ પ્રેક્ટિકલ જૉક બની ગયો એ અહીંનો 'વિન્ટર' અમે હાલ માણી રહ્યા છીએ અને તે માટે 'થેન્ક્સ યુ કોવિડ' આભાર કોરોના...!' ચમકવાની જરૂર નથી.... કોરોનાની બલિહારી વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ના 'લોકડાઉન' અને લાંબી ચાલેલી 'ફલાઈટ બંધી' ના લીધે દર વખતની જેમ 'સમર' બદલે, મોડા મોડા છેક 'મીડ ઓગસ્ટ' માં વિદેશ યોગ થયો... પણ ભાઈ, 'ઈશ્વર જે કરે તે સારા માટે....' કેમ કે અહીંનો 'સમર'નો માહૌલ બહુ વાર જોયો છે... પહેલીવાર પરદેશમાં લંડનના 'વિન્ટર' નો નજારો માણવા મળી રહ્યો છે.

'અમેરિકા, યુ.કે, યુરોપની ટૂર બધા 'સમર' માં જ કરે કેમકે વિન્ટર-શિયાળામાં તો દિવસ ટૂંકો હોય ને કાતિલ 'કોલ્ડ' થી 'બોલ્ડ' થઈ જવાના ડરથી 'ઓલ્ડ' મેનની માફક વગર કોવિડે 'હોમ ક્વોરન્ટાઈન' થઈ ભરાઈ રહેવું પડે... જયારે ઉનાળાના દિવસ લાંબા હોય, ઠંડી ઓછી લાગે તે બિંધાસ્ત બધે નીકળી પડાય, મોડે સુધી હરી-ફરી શકાય.. મે-જૂનમાં લંડનમાં હોઈએ ત્યારે પરોઢિયે પાંચ વાગ્યે અજવાસભરી સવાર થઈ ગઈ હોય ને રાત્રે ૮.૩૦-૯.૦૦ વાગ્યા સુધી સૂરજ દર્શનનો લહાવો મળે.... પહેલીવાર અહીં આવેલા ત્યારની વાત છે... 'ડિનર' માટે સાદ પડ્યો.... બહાર હજુ સૂરજદાદા ને તડકો દેખાય તે જોઈ કહવાઈ ગયું : અત્યારથી ડિનર ? પછી ઘડિયાળ જોઈ તો સમજાયું કે ઈટ્સ એઈટ ઓ ક્લોક... ઓલરેડી ડિનર ટાઈણ... આથી થયું કે ઘણીવાર જે દેખાય છે તેવું હોતું નથી અને જે હોય છે એવું દેખાતું નથી' તે આનું જ નામ !!

સમરમાં 'હોટ'ના કારણે ઓછામાં ઓછાં વસ્ત્રોધારી જોવા મળે... ટૂંકા-ઓછા વસ્ત્રો પહેરવાની કોમ્પિટિશન હોય એમ.... ગોરા લોકો ઓછાં વસ્ત્રોમાં જાણે 'ચિંથરે વીંટ્યા રતન' જેવાં લાગે !! જયારે 'વિન્ટર' માં પિકચર ટોટલી ઊલટું હોય... અત્યારે સૌ હાઉસ નીકળે બહાર ત્યારે બરાબરના ગોટમોટ થયેલાં હોય. સ્વેટર, જાકિટ, ઓવર કોટ, કેપ - મફલર - સ્કાર્ફમાં જડબેસલાક સજ્જ... પગમાં ય જાડાં મોજાં ને હોલ બુટ ને ઠંડી પાસે ફરકવાનું નામ ના લે. જો કે અમારે તો અત્યારે ઘરમાં ય અંદર થર્મલ કે વોર્મર, ઉપર જાડું શર્ટ, એની ઉપર સ્વેટર પહેરીને જ રહેવું પડે છે.... અને જો બહાર જવાનું થયું તો વળી આ બધાં ઉપર જમ્પર, એની ઉપર ડબલ લેયરનું - ગળા સુધી બંધ થાય તેવું જાકિટ, ગળામાં મફલર માથે 'મંકી કેપ' પગમાં મોજા-બુટ ચઢાવ્યા વગર છૂટકો નહીં... અલ્યાભાઈ, દસ મિનિટના કામે બહાર જવા પહેલાં ખાસ્સી પંદર મિનિટ તો આ શિયાળું વસ્ત્ર સજાવટમાં જાય છે, બોલો. હા, એ ખરું કે ઘરમાં હિટીંગ હોય ને કારમાં ય હિટીંગ હોય... પરંતુ 'ઘરથી કાર સુધીનો માર્ગ હોય છે ભારે ઠંડી ભર્યો...!!' એનું શું ?

વચ્ચે ગાંધીનગરથી એક મિત્રએ ફોનમાં પૂછેલું કે 'હવે તો પરદેશમાં જોરદાર ઠંડી ને બરફ એટલે બહાર નીકળાતું જ નહીં હોય ને?' એમને અમારે કહેવું પડેલું કે હવે 'ગ્લોબલ વોર્મિંગ' ના કારણે લંડનમાં 'સ્નો' ભાગ્યે પડે છે અને ઠંડી ગમે તેવી હોય, અહીંનો વ્યવહાર યથાવત જોવા મળે છે... બાળકોને વુલન ક્લોથમાં ઢબુરાઈને નર્સરીમાં જવું પડે છે, વિદ્યાર્થીઓ સજીધજીને શાળા-કૉલેજમાં જાય છે, કામધંધાવાળાય ઠંડી સામે 'ફૂલ્લી પ્રોટેક્ટડ' થઈ - પૂરતા શસ્ત્ર-સરંજામનો બંદોબસ્ત કરીને નીકળી પડે છે. 'પાપી પેટ કા સવાલ હોંતા હૈ ના, બ્રધર!!' જો કે અગેઈન થેન્ક્સ ટુ કોવિડ... ઘણા નસીબદારોને હવે 'વર્ક ફ્રોમ હોમ' થઈ ગયું હોવાથી રોજ રોજ ઓફિસે જવાનું ન હોવાથી 'વિન્ટર' માં રાહત છે... યસ, ઘરનાં કામો જેવા કે બન્ટી - બબલીને સ્કૂલે ડ્રોપ ને પીકઅપ માટે જવું, મિલ્ક - બ્રેડ - ગ્રોસરી શોપિંગ માટે જવું પડે ખરું.... અલબત્ત, સમય સાથે ઘણા ચેઈન્જીસ આવી ગયા છે. શોપિંગ બધું - ગ્રોસરી ટું ગાર્મેન્ટ્સ એન્ડ પેન ટું પિયાનો - ઓનલાઈન થઈ ગયું છે. ઓર્ડર કરો, પૈસા ભરો કે નેક્સ્ટ ડે ડિલિવરી એટ યોર ડૉર.. તેથી એ માટેય બહાર જવાની હવે જરૂર ક્યાં છે ? તેમ છતાં ઠંડાગાર વેધરમાં ય અહીં ડોગી ને હવાફેર કરાવવા, નાનાં બાળકોને ખુલ્લી હવા પીવડાવવા, રનિંગ - વોકિંગ કરવા રોડ - પાર્ક - ગાર્ડનમાં ફરતાં ને ટેનિસ રમવા ટેનિસ કોટમાં ઠંડીમાંય રમતા લોકોની હિંમત માટે જરૂર માન થઈ આવે...

જે હોય તે, ઠંડીમાં દિવસોમાં અહીં છીએ તે 'ઓટ્સ' - પાનખરની શોભા માણવા મળી. હવે ક્રિસમસ - સેલિબ્રેશન્સ - સ્ટોર્સ - મોલ્સ - રેસ્ટોરન્ટ્સમાં જોરદાર ડેકોરેશન્સ, રોશની, ક્રિસમસ ટ્રી - શાંતા કલોજ અને પાર્ટીઓ ચાલશે... આ બધું માણવા તો 'શિયાળે સોરઠ ભલોની માફક' 'શિયાળે લંડન યુએસએ ભલો' જ ગાવું પડે ને ? કોરોનાવશ - સંજોગવશ 'વિન્ટર' માં આવ્યા તેય કદાચ 'બ્લેસીંગ ઈન ડિસગાઈસ' કહેવાય!!